*This Question Paper contains 16 printed pages.*
***(Part - A & Part - B)***

Sl.No. 0156559

**01(G)**

**(MARCH, 2019)**
**(New Course)**

| |
|---|
| **પ્રશ્ન પેપરનો સેટ નંબર જેની સામેનું વર્તુળ OMR શીટમાં ઘટ્ટ કરવાનું રહે છે.** |
| **Set No. of Question Paper circle against which is to be darken in OMR sheet.** |
| **01** |

**Part - A : Time : 1 Hour / Marks : 50**

**Part - B : Time : 2 Hours / Marks : 50**

## (Part - A)

***Time : 1 Hour]*** ***[Maximum Marks : 50***

**સૂચનાઓ :**

1) આ પ્રશ્નપત્રના ભાગ-A માં બહુવિકલ્પીય પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
2) પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.
3) કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.
4) પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલપેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.
5) પ્રશ્નપત્રકની ઉપરની જમણી બાજુમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.

---

1) વર્ષા અડાલજાને મતે શિક્ષણનો પાયાનો સિદ્ધાંત શું છે ?

(A) નિશાન ઊંચું રાખવાનો (B) માત્ર ડીગ્રીઓ મેળવવાનો

(C) બાળકને ડૉક્ટર બનાવવાનો (D) આનંદ આપવાનો

2) નરેને કઈ તાલીમ મેળવી હતી ?

(A) ઘોડેસવારીની (B) પોલીસની

(C) પર્વતારોહણની (D) વન સંરક્ષણની

3) હૉસ્પિટલની શોભામાં શાનાથી વધારો થઈ શકે ?

(A) હૉસ્પિટલ દર્દીઓથી ઊભરાતી હોય તેનાથી

(B) ફૂલોથી શણગારવાથી

(C) રંગબેરંગી લાઈટ કરવાથી

(D) હૉસ્પિટલના મોટાભાગના ખાટલા ખાલી પડી રહેવાથી

4) રતીલાલ બોરીસાગરનો ‘છત્રી’ નિબંધ કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે ?

(A) મરકમરક

(B) આનંદલોક

(C) તિલક કરતાં ત્રેસઠ થયાં

(D) ૐ હાસ્યમ્

5) રતીલાલ બોરીસાગર છત્રી લેવા રાજકોટ જવાની વાતમાં મક્કમ રહ્યા કારણ કે ...

(A) લેખક પાસે પૈસા ન હતા.

(B) લેખકને રાજકોટ જવું ગમતું હતું.

(C) તે બીજાની પ્રમાણિકતાની કદર કરવા ઈચ્છતા હતા.

(D) છત્રી હવે વેચાતી મળતી ન હતી.

6) ‘‘ડાંગવનો અને ...’’ પાઠનો સાહિત્ય પ્રકાર જણાવો.

(A) નવલિકા

(B) એકાંકી

(C) નિબંધ

(D) નવલકથા ખંડ

7) અંકલેશ્વરને મિત્રો મજાકમાં શું કહેતા ?

(A) ઔદ્યોગિક મથક

(B) દુર્ગંધેશ્વર

(C) અંકલ-ઈશ્વર

(D) ગંદકેશ્વર

8) ''જન્મોત્સવ'' પાઠમાં સમાજની કઈ વિષમતા રજૂ કરવામાં આવી છે ?

(A) કંજૂસાઈ (B) કપટતા

(C) દારૂણ ગરીબી (D) અમીરી

9) આપણી બબલીની જ પગલી જાણે ! આ વાક્ય કોણ બોલે છે ?

(A) ડુંગરની પત્ની (B) ડુંગર

(C) પતિ (D) સ્ટેશન માસ્તર

10) લાકડીના ટેકે ગગન તરફ મોં કરીને કોણ ઊભું રહી જાય છે ?

(A) પત્ની

(B) સ્ટેશન માસ્તર

(C) લોકો

(D) પતિ

11) મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ કોણ હતા ?

(A) શ્રીમદ્ રાજચંદ્ર (B) વિનોબા ભાવે

(C) લોકમાન્ય ટિળક (D) ગોપાલકૃષ્ણ ગોખલે

12) જવાહરલાલ નહેરુની ''મારી જીવન કથા'' નામના પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ કોણે કરેલો ?

(A) લોકમાન્ય ટિળક

(B) ગોપાલકૃષ્ણ ગોખલે

(C) વિનોબા ભાવે

(D) મહાદેવભાઈ દેસાઈ

13) સાંકડી અને નિર્જન ખીણોમાં ફરવાનો લેખકનો .....

(A) કાયમી અનુભવ હતો.

(B) ઓછો અનુભવ હતો.

(C) પ્રથમ અનુભવ હતો.

(D) છેલ્લો અનુભવ હતો.

14) આંબા પટેલની ઘોડીની ચાલ કેવી હતી ?

(A) ખદબ

(B) રેવાળ

(C) ઊભળક

(D) ઠેકતી

15) નીચેનામાંથી કયું જોડકું સાચું નથી ?

(A) ઘોડીની સ્વામી ભક્તિ - જોરાવરસિંહ જાદવ

(B) હિમાલયમાં એક સાહસ - કાકા કાલેલકર

(C) ગતિભંગ - મોહનલાલ પટેલ

(D) ડાંગવનો અને ... - મહેન્દ્રસિંહ પરમાર

16) જેને શત્રુ કે મિત્ર એકે નહીં ઉરમાં – પંક્તિનો ભાવ શો છે ?

(A) બધા દુશ્મનો હોવાનો ભાવ

(B) જીવનથી નિર્લેપ બનવાનો ભાવ

(C) બધા મિત્રો હોવાનો ભાવ

(D) શત્રુને મિત્ર બનાવવાનો ભાવ

17) દીકરીની સમજણ વિસ્તરી છે તેવું કયા કારણે કહી શકાય ?

(A) પિતાને સહારો આપે છે તેથી

(B) પિતાને ખર્ચ કરાવે છે તેથી

(C) સાસરે જાય છે તેથી

(D) દેવીની ઝલકમાં હોય છે તેથી

18) "દીકરી" કાવ્યનું સાહિત્ય સ્વરૂપ કયું છે ?

(A) ગીત

(B) ગઝલ

(C) લોકગીત

(D) ઊર્મિગીત

19) 'હું એવો ગુજરાતી' કાવ્યમાં કવિ નરસિંહ મહેતાને શા માટે યાદ કરે છે ?

(A) કવિતા માટે

(B) પ્રભાતિયા માટે

(C) ભક્તિ માટે

(D) ભજન માટે

20) રાધાની આંખમાં ઉદાસી હોવાનું કારણ શું છે ?

(A) કદંબની ડાળ

(B) કૃષ્ણ મિલન

(C) યમુનાનું વહેંણ

(D) કૃષ્ણ માટેનો વિરહ

21) વતનથી વિદાય થતાં કવિને શાની ભ્રમણા થાય છે ?

(A) બે હાથ ઊંચા કરી બોલાવતી માતાની

(B) શહેરની ગીચ વસ્તીની

(C) પોતાની પત્નીની

(D) પુત્રની

22) 'બોલીએ ના કાંઈ' કાવ્યના કવિ શું કરવાનું કહે છે ?

(A) બોલવાની ના પાડે છે.

(B) બોલવાનું કહે છે.

(C) મૂંગા રહેવાની ના પાડે છે.

(D) ધીમે ધીમે બોલવાનું કહે છે.

23) 'બોલીએ ના કાંઈ' કાવ્યના કવિ કોણ છે ?

(A) વિનોદ જોશી

(B) અશોક ચાવડા

(C) રાજેન્દ્ર શાહ

(D) બરકત વિરાણી

**24)** કવિ 'ગની દહીંવાલા'ને ક્યાં સુધી જવું હતું ?

(A) ધરા સુધી (B) ગગન સુધી

(C) ઉન્નતિ સુધી (D) એકમેકના મન સુધી

**25)** કવિના ખેતરના શેઢે શું બન્યું હતું ?

(A) બળદ થાકીને બેસી ગયા હતા.

(B) વરસાદ તૂટી પડ્યો હતો.

(C) ગળા સમું ઘાસ ઊગી ગયું હતું.

(D) સારસી ઊડી ગઈ હતી.

**26)** ચાંદલિયો લોકગીતમાં ચાંપલિયાનો છોડ કોને કહ્યો છે ?

(A) પતિ

(B) સસરા

(C) જેઠ

(D) નણદોઈ

**27)** કવિ ક્યાં જવાની ના પાડે છે ?

(A) આવકાર મળે ત્યાં (B) આદર મળે ત્યાં

(C) આંખોમાં સ્નેહ દેખાય ત્યાં (D) આવકારો ન મળે ત્યાં

**28)** કવિના મતે શું થાવું કઠિન છે ?

(A) કુલદીપક (B) દેશદીપક

(C) વીર (D) મહાન

29) નીચેનામાંથી કયું જોડકું સાચું છે ?

(A) દીકરી – અશોક ચાવડા

(B) શીલવંત સાધુને – નરસિંહ મહેતા

(C) હું એવો ગુજરાતી – કલાપી

(D) માધવને દીઠો છે ક્યાંય – વિનોદ જોશી

30) નીચેનામાંથી કયું જોડકું સાચું નથી ?

(A) ચાંદલિયો – ઊર્મિકાવ્ય

(B) હું એવો ગુજરાતી – ગીત

(C) દીકરી – ગઝલ

(D) શીલવંત સાધુને – ભજન

31) સાચી જોડણીવાળો શબ્દ શોધો.

(A) ખિસકોલી (B) નીસરણી

(C) હીલચાલ (D) લીફ્ટ

32) નીચેનામાંથી કયો શબ્દ સાચો નથી તે દર્શાવો ?

(A) કિસ્સો (B) નિશ્વાસ

(C) જીલ્લો (D) મૂશ્કેલી

33) ''વિદ્યાર્થી'' શબ્દની ધ્વનિ સ્પષ્ટ કરો.

(A) વ્ + ઈ + ધ્ + આ + ર્ + થ્ + ઈ

(B) વ્ + ઇ + દ્ + ય્ + આ + ર્ + થ્ + ઈ

(C) વ + દ્ + યા + ર્ + થ + ઈ

(D) વ્ + દ + ય + અ + ર્ + થ્ + ઇ

34) ''શૂન્યાવકાશ'' શબ્દની સંધિ છોડો.

(A) શૂન્યા + અવકાશ

(B) શૂન્ય + અવકાશ

(C) શૂન્યા + આવકાશ

(D) શૂન્ય + આવકાશ

35) 'સુ + અલ્પ' શબ્દની સંધિ જોડો.

(A) સુઅલ્પ

(B) સ્વાલ્પ

(C) સ્વલ્પ

(D) સ્વાલ્પા

36) 'આગગાડી' સમાસનો પ્રકાર ઓળખાવો.

(A) કર્મધારાય

(B) મધ્યમપદલોપી

(C) તત્પુરુષ

(D) ઉપપદ

37) નીચેનામાંથી કયો સમાસ 'કર્મધારાય' છે તે દર્શાવો.

(A) મહર્ષિ
(B) ઋણમુક્ત
(C) કન્યા કેળવણી
(D) રામલક્ષ્મણ

38) "ચૂપચાપ સુશી સાંભળતી રહી." આ વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધીને દર્શાવો.

(A) રહી.
(B) સાંભળતી
(C) ચૂપચાપ
(D) સુશી

39) 'બાપુના ગુજરી ગયા પછી બા મને ઉઘરાણીએ મોકલે છે.' કર્મણિ વાક્ય બનાવો.

(A) બાપુના ગુજરી ગયા પછી બા દ્વારા મને ઉઘરાણીએ મોકલવામાં આવતો.
(B) બાપુના ગયા પછી બા મને ઉઘરાણીએ મોકલતાં
(C) મારા દ્વારા ઉઘરાણી કરવામાં આવતી
(D) બાપુના ગુજરી ગયા પછી હું ઉઘરાણીએ જતો

40) માળી ઝાડ કાપે છે. પ્રેરક વાક્ય બનાવો.

(A) માળીથી ઝાડ કપાય છે.
(B) માળી ઝાડ કાપશે.
(C) માળી વડે ઝાડ કપાય છે.
(D) માળી ઝાડ કપાવડાવે છે.

41) "છે મતવાલી, નથી નમાલી, નવા લોહીની લાલી." આ અલંકારનું નામ આપો.

(A) વર્ણાનુપ્રાસ
(B) શબ્દાનુપ્રાસ
(C) ઉપમા
(D) રૂપક

42) ''ઉપમા'' અલંકારનું ઉદાહરણ શોધીને લખો.

(A) દમયંતીનું મુખ શશી સમ શોભે છે.

(B) દમયંતીનું મુખ જાણે શશી.

(C) દમયંતીનું મુખ ચંદ્ર શોભે છે.

(D) દમયંતીનું મુખ તે દમયંતીનું મુખ.

43) ''પારકાના હિત માટે કાર્ય કરવું તે '' શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો.

(A) પરોપકારી

(B) કૃતજ્ઞતા

(C) પરમાર્થ

(D) ઉદારતા

44) ''શિખરો સર કરવાં'' - રૂઢિપ્રયોગનો અર્થ આપો.

(A) શિખરની ટોચ પર પહોંચવું.

(B) સફળતા પ્રાપ્ત કરવી.

(C) હિંમતથી આગળ વધવું.

(D) ધીરજથી આગળ વધવું.

45) ''નહીં ઘરના કે નહીં ઘાટના'' કહેવતનો અર્થ આપો.

(A) ઘેર ના જવું ને ઘાટે જવું.

(B) ઘાટે જવું ને ઘેર ન રહેવું.

(C) એકેય બાજુના ન રહેવું.

(D) ઘર અને ઘાટ કરવા.

46) 'ઋણ' શબ્દનો સમાનાર્થી શબ્દ આપો.

(A) રેણ (B) કરજ

(C) રેણુ (D) રણ

47) 'નિવૃત્ત' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો.

(A) કર્મવીર (B) પુરુષાર્થી

(C) પ્રવૃત્ત (D) કામગીરી

48) ''આલવું'' તળપદા શબ્દનું શિષ્ટ રૂપ આપો.

(A) દેવું (B) આપવું

(C) લેવું (D) આપ

49) 'અસ્ત્ર' શબ્દનો અર્થ જણાવો.

(A) ફેંકવાનું હથિયાર

(B) હાથથી લડવાનું હથિયાર

(C) લડવાનું હથિયાર

(D) હથિયાર ધારી યોદ્ધો

50) 'પ્રમાણિક' શબ્દમાં કયો પ્રત્યય લાગ્યો છે ?

(A) પૂર્વ પ્રત્યય

(B) પર પ્રત્યય

(C) તદ્ધિત પ્રત્યય

(D) મૂળ પ્રત્યય

# 01(G)

**(MARCH, 2019)**

**(New Course)**

## (Part - B)

*Time : 2 Hours]* *[Maximum Marks : 50*

સૂચનાઓ :

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રના ભાગ-B માં ચાર વિભાગ છે અને પ્રશ્નનો ક્રમ 1 થી 18 છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) વિરામચિહ્નો, જોડણી, ભાષાશુધ્ધિ, હાંસિયા, સ્વચ્છતા વગેરે તરફ વિશેષ ધ્યાન આપવાનું રહેશે. પ્રશ્નની સૂચના સમજીને જવાબો લખવા.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

### વિભાગ - A

■ **નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો.** **[4]**

1) રાતો ચોપડો ફાડી નાખવા પાછળ લેખકનું મનોમંથન કેવું હતું ?

અથવા

''ભૂખથીય ભૂંડી ભીખ'' વાર્તાના આધારે દુકાળની ભયાનકતા તમારા શબ્દોમાં લખો.

■ **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો.** **[4]**

2) લેખકના મતે કોનો પ્રેમ મળવાથી ઘરમાં માણસ વ્યસની બનતો અટકી જશે ?

3) આંબા પટેલને મણાર શા માટે જવું પડ્યું ?

અથવા

ડુંગરની પત્ની અચાનક અટકીને ઊભી રહી ગઈ કારણ કે ?

■ **નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો.** **[3]**

4) નરસિંહ મહેતા વૈષ્ણવજનનાં કયા કયા લક્ષણો વર્ણવે છે. - તમારા શબ્દોમાં વર્ણવો.

અથવા

કવિ શિકારીને કઈ શિખામણ આપે છે ?

■ **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો.** [4]

5) દીકરીને માથે હાથ ફેરવવો અને દીકરી હાથ દે એ બંનેમાં શો ફરક છે ?

6) કવિના પગ આગળ જવા માંડ માંડ ઉપડે છે. કારણ કે ...

અથવા

કવિ આપણી વ્યથામાંથી કેવી રીતે રસ્તો કાઢવાનું કહે છે ?

## વિભાગ -B

■ **નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** [5]

7) ભારતની પ્રજામાં ગંદકી પ્રત્યે જે સુગ હોવી જોઈએ તે ઝાઝી જોવા નથી મળતી. ગંદકી આપણને બહુ ખલેલ નથી પહોંચાડતી. ગંદકીનો આવો સ્વીકાર દુનિયામાં ક્યાંય જોવા નહીં મળે. ગંદકીથી ભારે ખલેલ પામનારા ભારતના સૌ પ્રથમ સાધુ સ્વામી વિવેકાનંદ હતા. ગરીબી અને ગંદકી વચ્ચેના બહેનપણાને કારણે આપણી હૉસ્પિટલોમાં ઢગલાબંધ દરદીઓ બણબણતા રહે છે. વેદ-ઉપનિષદ ગીતાના વારસા અને વૈભવ અંગે ગૌરવ લેનારી આપણી પ્રજાનો બહુ મોટો વર્ગ અભણ છે આપણે ત્યાં રોગ નિયમ છે. અને આરોગ્ય અપવાદ છે. સભ્ય સમાજમાં એથી ઊલટી પરિસ્થિતિ હોવી જોઈએ. ગાંધીજી માંદગીને લગભગ અપરાધ ગણતા અને પોતાની માંદગીને તો આધ્યાત્મિક ભૂલ તરીકે જોતા.

– ગુણવંત શાહ

■ **નીચે આપેલી કાવ્ય પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો.** [5]

8) સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી,
ચણાયેલી ઈમારત એના નકશામાં નથી હોતી.

અથવા

આવ નહીં, આદર નહીં, નહીં નયનમાં નેહ.
તે ઘર કદી ન જાઈએ, કંચન વરસે મેહ.

## વિભાગ - C

9) મિત્રને પરીક્ષામાં સારા ગુણ પ્રાપ્ત કરવા બદલ અભિનંદન આપતો પત્ર લખો. [5]
(પત્રમાં તમારું નામ, સરનામું કે સહીનો ઉલ્લેખ કરવો નહીં.)

10) તમારી શાળામાં રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી કરતો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો. [5]

## વિભાગ - D

■ **નીચેનો ગદ્યાંશ વાંચીને, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** [3]

શિસ્તના બે પ્રકાર છે. સ્વયં શિસ્ત અને ફરજિયાત શિસ્ત. ''સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ધમધમ એ ન્યાય મુજબ વિદ્યાર્થીઓ પર ફરજિયાત શિસ્ત લાદવામાં આવે છે. પરંતુ આજના જમાનામાં આવી શિસ્ત કારગત નીવડી શકે તેમ નથી. સ્વયં શિસ્ત કે સ્વૈચ્છિક શિસ્તના વાતાવરણમાં જ બાળકનો સારો વિકાસ થઈ શકે એમ છે.

**11)** શિસ્તના કેટલા પ્રકાર પાડવામાં આવ્યા છે ?

**12)** પહેલાના જમાનામાં કઈ શિસ્તનો ઉપયોગ થતો ?

**13)** બાળકનો સાચો વિકાસ કઈ શિસ્તમાં થાય છે ?

■ **નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** [4]

કોણ મધુમય છંદ આજે ગાયે
તારે પગલે, તારે પગલે ... ,
રંગ ઢોળી બેઠી જોને સંધ્યારાણી
કુમકુમે રંગી એના પગની પાની
ઝંખવાઈ જાયે મૃદુ ફૂલ શેફાલી ... તારે પગલે .②
નિત ચિર યૌવનની બંસરી બાજે.
ઘુંઘટમાં કોનું મુખ આનંદે રાજે.
જોઈ ગોપિકાઓ જેનું મર્મર રાચે, તારે પગલે.②
ઓ ... રે ઓ ... રે આજ ઉત્સવ ગાને
જીવનની મધુ વીણા વાગવા ટાણે
મિલનનાં મધુ ગીત ગાયે ... તારે પગલે.②

– રવીન્દ્રનાથ ટાગોર – અનુવાદક – સુંદરમ્

14) કવિની દૃષ્ટિએ સંધ્યારાણી શું કરે છે ?

15) કવિને સંધ્યારાણીના પગની પાની કેવી લાગે છે ?

16) કવિની દૃષ્ટિએ રોજ કેવી બંસરી વાગે છે ?

17) આ કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

■ **ગમે તે એક વિષય પર આપેલા મુદ્દાઓ પર આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** **[8]**

18) ''પરિશ્રમ એજ પારસમણિ''

(મુદ્દા - પ્રસ્તાવના - જીવનમાં પુરુષાર્થનું મહત્ત્વ - પરિશ્રમથી જીવનમાં આગળ આવેલા વ્યક્તિઓ - ઉપસંહાર)

અથવા

''વિદ્યા વિનયથી શોભે છે.''

(મુદ્દા - પ્રસ્તાવના - વિદ્યાનું મહત્ત્વ - વિનય વિનાની વિદ્યાની સ્થિતિ - ઉપસંહાર)

અથવા

પ્રકૃતિનું રક્ષણ એજ જીવનનું રક્ષણ :-

(મુદ્દા - પ્રસ્તાવના - વિવિધ પ્રકૃતિના તત્ત્વો - માનવ રક્ષકની જગ્યાએ ભક્ષક બન્યો - પ્રકૃતિનો વિનાશ એ જીવનનો વિનાશ - પ્રકૃતિનું સંરક્ષણ - ઉપસંહાર)

♦♦♦♦